ગાંધીનગર સમાચાર

**નર્મદાની નહેરોનું નેટવર્ક જિલ્લામાં ૧૬-૧૭માં તૈયાર થશે**

# જિલ્લાના ૨૪ ગામોમાં ગૌચરની જમીન જ નથી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના ૨૪ ગામો એવા છે જયાં આજે પણ ગૌચરની જમીન ઉપલબ્ધ નથી.

જિલ્લાના અર્થતંત્રમાં પશુપાલન એ અગત્યનું ગણાયું છે અને વર્ષે ૨૦૦ કરોડથી વધુની આવક પશુપાલન દ્વારા મેળવવામાં આવી રહી છે પરંતુ આ કડવી વાસ્તવિકતા છે કે જિલ્લાના ૨૪ ગામોમાં ગૌચરની જમીન ઉપલબ્ધ નથી.

જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણોની સમસ્યા એ બીજી ગંભીર બાબત બની ઉભરી રહી છે પરંતુ ૨૪ ગામોમાં ગૌચરની જમીન ન હોવાને કારણે બીજા પ્રશ્નો પણ ઉપલબ્ધ થઈ રહ્યા છે.

## લઘુત્તમ ગૌચર માટે પંચાયત વિભાગે મહેસુલ વિભાગને કોઈ દરખાસ્ત પણ નહિ કરી ઉદાસીનતા દાખવી છે

૧૯૯૫માં સત્તા ધારણ કરનાર ભારતીય જનતા પક્ષે ગ્રામ્ય વિસ્તારમાં ગૌચર જમીનો વિકસાવવાનો અને નવી ગૌચર જમીન ઉપલબ્ધ બનાવવાનો વાયદો પ્રજાને કર્યો હતો.

જિલ્લામાં ગૌચરની જમીન પરના દબાણો દૂર નથી થયા પરંતુ જે રીતે હકીકતો બહાર આવી છે તેમાં ૨૪ ગામમાં ગૌચર જમીન શૂન્ય દર્શાવવામાં આવી રહી છે.

ચોંકાવનારી હકીકત તો એવી છે કે આ ગામોમાં લઘુત્તમ ગૌચર ન જાળવી શકનાર કે શૂન્ય ગૌચર લઈ જનાર અધિકારી કે પદાધિકારી સામે પગલાં લેવામાં આવ્યા નથી.

આ ગામોમાં લઘુત્તમ ગૌચર નીમ કરવા માટે પંચાયત વિભાગ તરફથી મહેસુલ વિભાગને કોઈ દરખાસ્ત પણ કરવામાં આવી નથી.

આમ તંત્રની ઉદાસીનતાએ જિલ્લાના પશુપાલકો માટે અનેક પ્રશ્નાર્થો ઉભા કર્યા છે. જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય કરનારાઓમાં આ ઉદાસીન વલણને લઈ ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.



ગણપતિ બાપાની સવારી આવે છે - બસ માત્ર ગણતરીના દિવસોમાં ગણપતિ મહોત્સવ ધામધૂમથી આરંભાશે... ગણપતિ બાપાની મૂર્તિઓને આખરી ઓપ આપવાની તડામાર કામગીરી ચાલી રહી છે... ગણેશજીની મૂર્તિ અનેક સ્વરૂપે તૈયાર થાય છે... વૈવિધ્ય મદ્રાઓમાં ગણેશજીની મૂર્તિઓ તૈયાર કરનાર કલાકારો આજકાલ ભારે વ્યવસ્તતા અનુભવે છે... આકર્ષક અને નયનરમ્ય મૂર્તિની ઘડતર પ્રક્રિયા પણ મનને આનંદ અને શાંતિ આપે છે...

# સેક્ટર-૧૬ રંગમંચનું નામ કલાકારના બદલે વિરાંગના સાથે જોડાતા વિવાદ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાને ડેવલપ કરવા માટે આપવામાં આવેલ સેક્ટર-૧૬ના રંગમંચનું નામ કોઈ કલાકાર-કસબીની સાથે ન જોડતા રાણી લક્ષ્મીબાઈ સાથે જોડતા અનેક તર્ક-વિતર્કો થઈ રહ્યા છે. રંગમંચ કલા સાથે જોડાયેલા ગુજરાતના સુપ્રિસદ્ધ કલાકારોના નામના બદલે રંગમંચ સાથે રાણી લક્ષ્મીબાઈ જેવી વિરાંગનાનું નામ જોડવાનું મનપાને કેમ સુઝ્યુ તે ચર્ચાનો વિષય બન્યો છે.

છેલ્લા ઘણાં વર્ષોથી ખંડેર હાલતમાં રહેલા સેક્ટર-૧૬ના રંગમંચને ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપવામાં આવ્યા બાદ તેનું રીનોવેશન કરવામાં આવ્યું છે. જોકે રીનોવેશન બાદ તેને ભાડે આપવા માટે એક દિવસનુ જે ભાડુ નક્કી કરવામાં આવ્યુ છે તે બાબતે પણ વસાહતીઓનો ભારે વિરોધ છે ત્યારે રંગમંચના નામકરણને લઈને પણ ચર્ચાઓ ચાલી રહી છે. આ રંગમંચનું નામ રાણી લક્ષ્મીબાઈ સાથે જોડવામાં આવ્યુ છે. રંગમંચ કે હોલનો ઉપયોગ મોટાભાગે સામાજિક-સાંસ્કૃતિક

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

સ્વચ્છતાના લીરેલીરા - પાટનગરની સરકારી કચેરીઓ આજકાલ આધુનિકરણના મૂડમાં છે... મોટા ભાગની કચેરીઓના રિનોવેશન થયા છે... આકર્ષક દિવાલો કચેરીની આભા ઉભી કરે છે... ગંદકી કરવાની ટેવ હજુ એમની એમ છે... સ્વંય શિસ્ત વ્યક્તિની અને કચેરીની શોભા વધારશે... પાટનગરની સેક્ટર-૧૧ની કચેરીની દિવાલ પરની આ તસવીર સ્વંય પોકારી રહી છે કે, હવે સ્વચ્છતાના લીરેલીરા ઉડાડવાનું બંધ કરો....

# નર્મદાની નહેરોનું નેટવર્ક જિલ્લામાં ૧૬-૧૭માં તૈયાર થશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં નર્મદા નહેર નેટવર્કની કામગીરી ૨૦૧૬-૧૭ સુધીમાં પૂર્ણ કરી દેવાનું આયોજન છે. આ કેનાલ નેટવર્ક કામ માટે જિલ્લાના ૨૧૦ જેટલા ખેડૂતોની જમીનનું સંપાદન કાર્ય પણ પૂર્ણ થઈ જવા પામેલ છે.

નર્મદા વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં માઈનોર કેનાલનું ૭.૩૦૭ કિ.મી.નું અને સબ માઈનોર કેનાલનું ૫૬.૧૫૧ કિ.મી.નું મળી કુલ ૬૩.૪૫૧ કિ.મી.ની લંબાઈનું કામ હાલ બાકી છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર મુખ્ય કેનાલ જે ૫૭.૦૧૬ કિ.મી.ની ધરાવે છે તેનું કામ પૂર્ણ થઈ ગયેલ છે. આ ઉપરાંત શાખા નહેરોનું પણ ૨૨.૭૧ કિ.મી.નું કામ પૂર્ણ થઈ ગયેલ છે. જ્યારે વિશાખા નહેરો જેની લંબાઈ ૩૧.૨૨૪ કિ.મી. છે તે કામ પણ પૂર્ણ થઈ જવા પામેલ છે.

## નેટવર્ક માટે ૨૧૦ ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવી છે : માઈનોર અને સબ-માઈનોર કેનાલ નેટવર્ક માટેની કામગીરી હાલ પ્રગતિમાં છે

મળતી વિગતો મુજબ જિલ્લામાં માઈનોર કેનાલનું નેટવર્ક જે ૧૧૬.૫૧૭ કિ.મી.ની લંબાઈમાં પથરાવવાનું છે. આ પૈકી ૧૦૯.૨૧૦ કિ.મી.નું કામ પૂર્ણ થઈ જવા પામેલ છે.

જ્યારે સબ માઈનોર કેનાલનું નેટવર્ક જે ૩૧૪.૦૨૮ કિ.મી.માં પથરાશે. આ પૈકી ૨૫૭.૮૫૭ કિ.મી.નું કામ પૂર્ણ થયેલ છે. જે માટે ૫૬.૧૫૧ કિ.મી.ની લંબાઈનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

તંત્રએ આ કેનાલ નેટવર્ક માટે વર્ષ ૨૦૧૦માં ૧૪૦ ખેડૂતોની, ૨૦૧૨-૧૩માં ૫૧ ખેડૂતો અને ૨૦૧૩-૧૪માં ૧૯ ખેડૂતોની જમીન સંપાદન કરેલ છે.

આમ હવે આગામી એક વર્ષમાં આ નેટવર્કનું કામ પૂર્ણ થતાં જિલ્લાની ખેતીને હરિયાળી બનાવવાનું સ્વપ્ર સાકાર થશે. જિલ્લામાં સિંચાઈની ક્ષમતામાં વધારો થશે તેમજ આ નવી સિંચાઈને કારણે ૧૨ માસી ખેતી પણ વધશે.

● અનુસંધાન પાન-૭ પર

# ૧૯૮૬ પહેલાના ગ્રેજ્યુએટ પણ માસ્ટર ડિગ્રી કરી શકશે

**યુજીસી દ્વારા લેવાયો મહત્વપૂર્ણ નિર્ણય : વર્ષ ૧૯૮૬ પહેલા બે વર્ષના ડિગ્રી કોર્સના કારણે માસ્ટર ડિગ્રીમાં પ્રવેશ અપાતો ન હતો : હવે નવા નિયમો અમલી**

ગાંધીનગર, તા. ૩૦

હવે વર્ષ ૧૯૮૬ પહેલા ગ્રેજ્યુએટ થયેલ ઉમેદવારો પણ સરળતાથી યુનિવર્સિટીમાં માસ્ટર્સની ડિગ્રીમાં એડમિશન મેળવી શકશે. અત્યાર સુધી આ ઉમેદવારોને માસ્ટર ડિગ્રીમાં એડમિશન આપવામાં આવતું ન હતું. કારણ કે, ૧૯૮૬ પહેલા દેશમાં અંડરગ્રેજ્યુએશન પ્રોગ્રામ બે વર્ષનો હતો જ્યારે અત્યારે ત્રણ વર્ષના અભ્યાસ બાદ ગ્રેજ્યુએટની ડિગ્રી આપવામાં આવે છે. જો કે, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા તમામ યુનિવર્સિટીઓને પરિપત્ર પાઠવીને હવે ૧૯૮૬ પહેલાના ગ્રેજ્યુએટ લોકોને પણ વર્તમાન

● અનુસંધાન પાન-૭ પર









Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com